## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની મળેલ મીટીંગમાં ૨૦૧૨-૧૩ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.


દિલીપસિંહ ચૌહાણ
પ્રમુખ


તેજાભાઈ દેસાઈ
ઉપ-પ્રમુખ


સુરેશભાઈ મહેતા
મેનેજિંગ ડીરેકટર


મંગળદાસ પટેલ
જો. મેને. ડીરેકટર


કે.સી. શાહ
ચેર. હિસાબ સમિતિ

## ઉવારસદમાં વડલાના ઝાડે લટકી મહિલાએ ગળે ફાંસો ખાધો

### પોતાની સાડી વડે જ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ગાંધીનગર, તા.૫

જિલ્લાના ઉવારસદ ગામમાં મહિલાએ વાવની સામે સ્થિત વડલાના ઝાડ પર સાડી વડે લટકી ગળે ફાંસો ખાતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉવારસદ ગામમાં બ્રહ્માણી માતાના વાસમાં રહેતા કીરીટભાઈ જોઈતારામભાઈ પટેલે ગામમાં વડલાના વૃક્ષ પર મહિલાનો મૃતદેહ લટકતો હોવાની જાણ અડાલજ પોલીસને કરી હતી જેના પગલે અડાલજ પોલીસે સ્થળ તપાસ હાથ ધરી હતી.

ઉવારસદ ગામમાં અસપાસમાં રહેતા મંજીબેન વાઈફ ઓફ રમેશભાઈ અંબાલાલ સલાટ (ઉ.વ.૫૫) એ આજે સાંજે ૫ વાગ્યા પહેલાના સમયમાં પોતાની સાડી વડે વડલાના ઝાડ પર લટકીને ગળે ફાંસો ખાધો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મહિલાએ ઝાડ પર લટકી ગળે ફાંસો ખાતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર બી.એમ. રાઠવાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની વીજળી બાબતે ટોરેન્ટના અધિકારીઓ સમક્ષ આક્રોશપૂર્ણ રજૂઆત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના અધિકારીઓએ તાજેતરમાં ટોરેન્જ વીજ કંપનીના વડી કચેરીના ઉચ્ચ સત્તાવાળાઓ સમક્ષ સ્થાનિકજનોના વીજળીના સળગતા પ્રશ્નો અંગે આક્રોશપૂર્વક રજૂઆત કરી હતી.

જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયાની આગેવાની હેઠળ ૧૫ જેટલા મહાનુભાવો ટોરેન્ટ વીજ કંપનીના વડી કચેરીના હોદ્દેદારોને મળ્યા હતા. બેઠકમાં જાહેર માર્ગો પર દરરોજ ધોળે દિવસે, ખરા બપોરે ૮૦૦-૧૦૦૦ના પાવરના બલ્બ ચાલુ રાખીને વીજળીનો વ્યય કરી તેનો બોજો ગ્રાહકો ઉપર નાખતા હોવાની રજૂઆત કરી હતી. સેકટર-૭-ડી સહિતના સેકટરોમાં વારંવાર વીજ ડૂલ થવી, વીજ થાંભલાના નીચેના ભાગે આવેલા ઢાંકણાં ખુલ્લા રહેવા, ગ-૨ થી ખ રોડ સુધીના રોડ વિસ્તારમાં સતત બંધ રહેતી લાઈટ, ફયુઅલ સરચાર્જ સ્વરૂપે ઉઘાડી લૂંટ, વીજ બિલોના વિતરણમાં અનિયમિતતા વગેરે પ્રશ્નોની રજૂઆત જનરલ મેનેજર નિસર્ગ શાહને કરી હતી. સત્તાવાળાઓએ આ અંગે તાત્કાલિક પગલાં ભરવાની ખાતરી આપી હતી. સમગ્ર બેઠકમાં પરિષદના લવજીભાઈ વાડીઆ, રવિન્દ્રભાઈ દવે, જયોતિન્દ્રભાઈ દવે, જયંતભાઈ ભટ્ટ, મૂળજીભાઈ પરમાર, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, ભાનુપ્રસાદ પુરાણી, જે.જે. ત્રિવેદી, નિરંજન ઓઝા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ પ્રજાજનો વતી વીજળીના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

## સેકટરોમાં પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના તમામ સેકટરોમાં ઝુંપડપટ્ટી છે. તેમજ નાના-મોટા શોપિંગ સેન્ટરો, લારી-ગલ્લાવાળાઓ છે. તેમજ ખાણીપીણીના બજારો અનેક સ્થળે ગોઠવાયેલા છે. આ લોકો દ્વારા કુદરતી હાજતો માટે વ્યવસ્થા ન હોવાના લીધે ગંદકી થાય છે. રોગચાળાની બુમો નાગરિકો પાડે છે. દરેક સેકટરોમાં પે એન્ડ યુઝ ટોઈલેટ નથી. જેથી ગંદકી થાય છે. સેકટર-૮ વસાહત મંડળના પ્રમુખ રહીમભાઈ મકવાણાએ શ્રીમતી આનંદીબેન પટેલ માર્ગ અને મકાન વિભાગને રજૂઆત કરેલ છે.

## રોજગાર માટે તાલુકા રજિસ્ટ્રેશન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૫

જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગારી માટે વિના મૂલ્યે તાલુકા રજિસ્ટ્રેશન માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રજિસ્ટ્રેશન ગાઈડ કેમ્પ તા. ૯ જુલાઈના રોજ દહેગામ, તા. ૧૬ જુલાઈ માણસા, તા.૨૬ જુલાઈ કલોક ખાતે રાખવામાં આવેલ છે.

તમામ રજિસ્ટ્રેશન ગાઈડ કેમ્પ ખાતે રોજગાર વાંચ્છુ ઉમેદવારની નામ નોંધણી રીન્યુ પણ કરવામાં આવશે. રોજગાર અધિકારી એસ.ઓ. અમીને જણાવેલ છે.

## પાટનાકૂવાના શિવ અને શકિત મંદિરે ગુરુપૂર્ણિમા મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૫

દહેગામ તાલુકાના પાટનાકૂવા ગામે નિલકંઠેશ્વર મહાદેવના પૂજારી જીવણગીરી મહારાજના સાનિધ્યમાં શિવ મંદિર મુકામે ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો હતો.

ગુરુપૂર્ણિમા પ્રસંગે શિવ મંદિરના પૂજારી જીવણગીરી મહારાજના દર્શનાર્થે આસપાસના ગામ-બહારગામથી તેમના શિષ્યો, ભકતજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વયંભૂ તુળજા ભવાની શકિતપીઠમાં સવારે આરતી બાદ હવનનો કાર્યક્રમ યોજાયો હતો. સાંજે મહાઆરતીમાં હજારો માઈભકતો જોડાયા હતા. શિષ્યો અને ભાવિકજનો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

**રક્તદાન મહાદાન**

## રાયપુર કેનાલમાં પરિણિતાએ બે બાળકો સાથે ઝંપલાવ્યું

### કેનાલમાં તરતા ત્રણેય મૃતદેહ બહાર કઢાયા : મૃતદેહની ઓળખ થઈ નથી

ગાંધીનગર, તા.૫

પરિણિતાએ પોતાના બે બાળકોને સાડી વડે કમરે બાંધી રાયપુર કેનાલમાં ઝંપલાવતા ત્રણેયનું કરૂણ મોત નિપજયું હતું. ડભોડા પોલીસે ઘટના સ્થળે પહોંચી પરિણિતા સહીત ત્રણેયના મૃતદેહને બહાર કાઢી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે હજુ સુધી મૃતદેહોની ઓળખ થઈ શકી ન હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આજે સવારે જિલ્લાની રાયપુર નર્મદા કેનાલમાં બે બાળકો અને મહિલાની લાશ તરતી હોવાની જાણ સ્થાનિક સિકયુરિટી ગાર્ડે ડભોડા પોલીસને કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી ૩૦ વર્ષીય અજાણી મહિલા તેમજ પાંચથી સાત વર્ષના એક બાળક અને બાળકીના અજાણ્યા મૃતદેહને બહાર કાઢયો હતો. બે બાળકોને સાડી વડે કમરમાં બાંધી કેનાલમાં પડેલી મહિલાના મૃતદેહને દોરડા વડે ખેંચીને બહાર કાઢવામાં આવ્યો હતો.

ડભોડા પોલીસે ઘટના સ્થળે પ્રાથમિક તપાસના અંતે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ રીપોર્ટ અર્થે સિવિલ ખસેડયા હતા. પ્રાથમિક તબક્કાની તપાસના અંતે મહિલા કે બાળકોના મૃતદેહની ઓળખ ન થઈ હતી ત્યારે કેનાલમાં ઝંપલાવી બે બાળકો અને પોતાનું જીવન ટુંકાવનાર મહિલા કોણ છે અને તેણે કેમ આ પગલું ભર્યું સહિતની બાબતો સંદર્ભે હજુ રહસ્ય ઘુંટાઈ રહ્યું છે. ડભોડા પોલીસ સ્ટેશનના જમાદાર સાહરભાઈએ વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ત્રણેય મૃતદેહોની ઓળખ ન થતા પી.એમ. બાદ મૃતદેહોને અમદાવાદના કોલ્ડરૂમમાં મોકલી દીધા છે.


વ્યવસ્થા જેમ આ નગરની શાખ છે એમ અવ્યવસ્થા એ આ નગરની બદનામી છે - વ્યવસ્થા નગર રચના અને સુવિધાઓના સર્જનમાં અને અવ્યવસ્થા આ બધી વ્યવસ્થાઓના રખરખાવમાં, જાળવણીમાં, સાચવણીમાં. એક સમયે જેના કારણે ગાંધીનગર રાજયભરમાં વખણાતું એ સૅકટર્સના બગીચાઓની હાલત હવે બગીચા કહેવા જેવી પણ નથી રહી એવા બેહાલ બન્યા છે આ બગીચા. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ મકાનોની પુનઃ મોજણી કરવા લોક માગણી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર વિકાસ પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયાએ પ્રજાજનોના પ્રતિનિધિ તરીકે મહાનગર પાલિકાના વિસ્તારમાં સમાવિષ્ટ મકાનોની પુનઃ મોજણી કરવા રજૂઆત કરી છે.

મહાનગર પાલિકા દ્વારા જે મકાન માલિકોએ તેમના પર લાદવામાં આવેલા મિલકત વેરા વિરૂધ્ધ વાંધા અરજી કરી હતી તેઓને વ્યકિતગત સાંભળવા માટે મહાનગરપાલિકના અધિકારીઓએ રૂબરૂ મુલાકાત કરી, રજૂઆત સાંભળી હતી, ગાંધીનગર શહેરના લગભગ ૧૫૦૦ જેટલા મકાન માલિકોએ મિલત વેરા આકારણી વિરૂદ્ધ વાંધા અરજી કરી હતી. દરેક મકાન માલિકની રજૂઆત સાંભળી સંબંધિત અધિકારીઓએ વાંધા અરજી કરનાર, મકાન માલિકના મકાનની પુનઃ મોજણી કરવાની લેખિત સૂચના આપી છે. મિલકતવેરાની આકારણી આડેધડ, બીન અનુભવી, કોઈ પણ નિયમ ન જાણકાર માણસો દ્વારા બીન-વૈજ્ઞાનિક ઢબે થઈ હોવાનું માલુમ પડયું છે. વસાહતીઓએ આ સંદર્ભે આક્રોશ ઠાલવતા જણાવ્યું છે કે, ઘણા બધા મકાનોના કાર્પેટ એરીયા ખૂબ જ ઓછો દર્શાવ્યો છે. મકાનનું બાંધકામ બે કે ત્રણ માળનું હોવા છતાં ભેંયતળીયા પૂરતું જ બાંધકામ દર્શાવી કાર્પેટ એરીયા લખી નામનો જ મિલકત વેરો આકારવામાં આવ્યો છે. બે વર્ષ પહેલા મિલકત વેરા માટે મોજણી થઈ હતી. બે વર્ષોમાં ઘણા મકાનોના બાંધકામોમાં મોટો ફેરફાર થયો છે. તેની નોંધણી કયાંય થઈ નથી તેથી મિલકત વેરો ઓછો છે. ઘણા રહેઠાણોવાળા મકાનનો ઉપયોગ વાણિજય હેતુથી કરવામાં આવે છે. તેની આકારણી રહેઠાણ તરીકે દર્શાવી તદ્દન ઓછો મિલકત વેરો આકારવામાં આવ્યો છે. તથા કેટલાક વિસ્તારમાં આવેલ મકાનોની આકારણી જ કરવામાં આવી નથી. બંધ મકાનની આકારણી મરજીમુજબ કરી હોય તેવું સ્થાનિકજનો કહી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તાર કે જેનો સમાવેશ મહાનગર પાલિકામાં થયો છે તેની આકારણી ખૂબ જ ઓછી કરેલી છે. આકારણી બાબતના સ્થાનિકજનોના પ્રશ્નો અને વાંધા અરજીઓને ધ્યાને લઈ ગાંધીનગર વિકાસ પરિષદે સમગ્ર શહેરના તમામ વિસ્તારોની પુનઃ મોજણી કરવા માંગ કરી છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૨૯

### તાપમાન

મહત્તમ : ૩૪.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૮ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૫ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્હી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્હી) : ૧૧.૪૫, ૭.૩૦
બોલ બચ્ચન : ૨.૧૫, ૧૦.૦૦
તેરી મેરી કહાની : ૫.૧૫

: સ્ક્રીન-૪ :
૩ બેચલર : ૧૦.૦૦, ૧૨.૩૦
રાઉડી રાઠોડ : ૩.૦૦
મેક્ષીમમ(એ) : ૫.૩૦
બોલ બચ્ચન : ૬.૩૦, ૧૦.૦૦
ગૈંન્સ ઓફ વાસેપુર : ૭.૩૦
તેરી મેરી કહાની : ૧૦.૩૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્હી) :૧.૪૫,૧.૩૦,૪.૧૫, ૭.૦૦
બોલ બચ્ચન : ૯.૪૫

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૯.૪૫,૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
બોલ બચ્ચન : ૧૦.૩૦
ફરારી કી સવારી : ૧.૧૫, ૭.૧૫
ગૈંન્સ ઓફ વાસેપુર : ૪.૦૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૨ડી(હિન્હી) : ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
બોલ બચ્ચન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સૂર્યા, વાવોલ**

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
બાશા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- રાત્રે ૯.૩૦ કલાકે લ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'એમ પૂછી ને થાય નહીં પ્રેમ..' નાટક.

### આપની આજ

**મેષ** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

**વૃષભ** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે. સમય શુભ.

**કર્ક** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**સિંહ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**કન્યા** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**તુલા** : આજે આપને મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

**ધન** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કુંભ** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**મીન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

## ચાલતાં ચાલતાં થાકી જવાયું, દોડતાં દોડતાં હાંફી જવાયું લોહીનાં સંબંધથી ઉપર છેક, મિત્રની છાયામાં જીવી જવાયું

**સંબંધ સજાવે જિંદગી**
**ભાઈ જેવો ભાઈબંધ**
- સંજય થોરાત
gsrelation@yahoo.com

સંપત્તિ મિત્રો મેળવી આપે છે અને વિપત્તી મિત્રોની પરીક્ષા કરે છે. આવાં ઘણાં સુભાષીતો સાંભળવા મળે છે. દરેક ભાષામાં મૈત્રી વિશે કંઈ કંઈ ઉક્તિઓ મળી આવે છે. આજે ધંધાદારી મૈત્રીઓની બોલબાલા છે, પણ માત્ર બે વ્યક્તિઓ વચ્ચેની જ દોસ્તી હતી જૂના જમાનામાં, આજના જમાનામાં વળી દોસ્તીને કોણ પિછાને છે ? પણ આજના જમાનામાંય ક્યાંક ને ક્યાંક સારાં જૂના મિત્રોની જોડી જરૂર જોવા મળે છે, દોસ્તીની જોડી જોઈ આંખ ઠરે છે.

આવી જ કાંઈક મિત્રતાના પાઠ એક કોલેજથી ચાલુ કરી આજદિન સુધી કાયમ રાખનારાં અને ભાઈબંધીને ઉજવનારી ભૂદેવ જોડી છે. સાત્વિક ત્રિવેદી અને નિકુંજ શુકલા... આજથી ૨૦ વર્ષ પૂર્વે કોલેજના પ્રથમ વર્ષમાં જ કેમેસ્ટ્રીની પ્રેક્ટીકલ લેબમાં એક ગૃપમાં આવતાં પરિચય થયો. અરસપરસનાં સ્મિત બાદ હાય-હલ્લોથી મેળવાયેલાં હાથની કેમેસ્ટ્રી એવી તો મળી ગઈ મૈત્રીના રંગનું મિશ્રણ દુનિયામાં કોઈ બીકરમાં તૈયાર ના હોય એવું રંગીન થયું...

કોલેજનાં પ્રથમ વર્ષમાં જ બી.એસ.સી.ની પ્રથમ જ પરીક્ષા આપવાં સાત્વિકનાં સ્કુટર પર બેસી બન્ને જય-વીરૂની જોડી પરીક્ષા આપવા સાથે ગઈ અને વળતાં નજર ક્યાંક ભટકી જતાં બમ્પ કુદાવી માર્યો અને નિકુંજભાઈ પડી ગયાં, જમણો હાથ મચકોડાઈ જતાં મિત્ર સાત્વિકભાઈ તાત્કાલિક પાટો બંધાવી આવ્યાં, પણ નિકુંજભાઈ પરીક્ષાથી હાથ ધોઈ બેઠાં અને છતાંય રોજ પેપર આપવા જતાં સાત્વિકભાઈને કંપની આપવા ખાતર જ સ્કુટર પર સવાર થઈ જતાં !!

વિજ્ઞાનનાં સ્નાતક થઈ નિકુંજભાઈ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી. કંપનીનાં ડિસ્પેચ વિભાગમાં સેટ થઈ ગયાં અને એની પાછળ જ એમનો મિત્ર સાત્વિક ત્રિવેદી પણ ચાર જ મહિનાનાં અંતરે એડમિનીસ્ટ્રેશન વિભાગમાં ઓફિસર તરીકે આવી ગયા... કોલેજની મૈત્રી હવે કંપનીની મૈત્રીમાં પરિવર્તીત થઈ ગઈ. બંન્ને મિત્રો ફરવાનાં અત્યંત શોખીન અને વાહનોનાં પણ, બંન્નેએ નોકરી લાગતાં એક જ દિવસે એક જ કંપનીનાં એટલે કે એલ.એમ.એલ.નાં સ્કુટર લાવી દીધાં...

કલ્પતરૂ કંપનીમાં સૌના માનીતા એવાં એચ.આર. મેનેજર



સાત્વિકભાઈ ત્રિવેદી સે. ૨૩ વિરાટનગરમાં રહે છે અને વિરાટ રેન્જવાળાં મોબાઈલને રમાડવાનાં શોખીન છે, અત્યાર સુધી ૨૫ મોબાઈલ બદલી ચૂકેલા સાત્વિકભાઈ લેટેસ્ટ ગેજેટમાં શોખીન છે. સાત્વિકભાઈનાં જીવનસંગીની મિતાલી હાઉસવાઈફ છે અને એમને શ્રીકેત અને વીવા નામનાં બે સુંદર બાળકો છે. નીકુંજભાઈ સે. ૨૭નાં ગાયત્રીનગરમાં રહે છે, જેમને નવાં-નવાં કપડાં પહેરવાનો શોખ છે. એમની લાઈફ પાર્ટનર લતા અને બાળકમાં વત્સલ નામે મોજીલો દીકરો છે...

સાત્વિક-નિકુંજની મિત્રતા એ માત્ર એમની કલ્પતરૂ કંપનીમાં જ નહી પણ એમનાં મિત્ર મંડળમાં પણ ઈર્ષાને પાત્ર છે. દર રવિવારે બંન્ને પરિવાર સાથે ફરવાં જાય છે. મજાની વાત તો એ છે કે આ બંન્નેની પત્નિઓ પણ હવે બહેનપણી બની ગઈ છે. એકબીજાના બર્થડે સેલિબ્રેટ કરવા અને સાથે પીકનીક મનાવવી એ એમની નિયમીતતા છે !!

ગાંધીનગરનાં ખુણે ખુણાં સાથે ફરી ચૂકેલા આ બંન્ને જણાએ હમણાં એમની ગાડીઓ પણ સાથે જ ખરીદી. સાત્વિક ત્રિવેદીએ આઈ-૨૦ તો નિકુંજ શુકલાએ આઈ-૧૦, મિત્રતાની પસંદગી આ વખતેય સેમ જ નિકળી... બંન્ને મિત્રોની એક વાત તો સાવ વિચીત્ર એવી નીકળી કે એમની મિત્રતાનાં એક દશકા બાદ ખબર પડી કે તેઓ એકબીજાનાં સગાં પણ છે !!

વાર તહેવારે સાથે ફરતાં અને ઉજવતાં આ બંન્ને મિત્રો દિવાળીએ એક જ સરખાં રેડિમેડ કપડાંની જોડ છેલ્લા ૧૫ વર્ષથી ખરીદે છે અને નૂતનવર્ષે સાથે પહેરીને સવાર સવારમાં એકબીજાને ભેટે પણ છે !! ઈવેન્ટ મેનેજમેન્ટના માસ્ટર સાત્વિક ત્રિવેદી કલ્પતરૂ કંપનીની હરતી ફરતી હેલ્પલાઈન છે જ્યારે નિકુંજભાઈ એમની ઝડપી કામ કરવાની સ્ટાઈલથી ફેમસ છે... વીસ વીસ વર્ષનાં વહાણા વાયા બાદ પણ આ બન્ને અને એમનાં પરિવાર વચ્ચે ક્યાંય ઉષ્મામાં કમી આવી નથી. સદાય મસ્તીમાં અને આનંદથી રહેતાં સાત્વિક ત્રિવેદી અને નિકુંજ શુકલાની જોડી પ્રેરણારૂપ છે !!

સાચી મૈત્રીને લાભ-નુકશાનનાં ત્રાજવે ક્યારેય તોળવી નહી. એક ખરો મિત્ર હોવો એટલે એક વધારાની પૂરક જિંદગી પ્રાપ્ત કરવાં બરાબર છે. મિત્રો વચ્ચેની દોસ્તી એટલે નળનું પાણી પણ બિસ્લરીનાં ફિલ્ટર જેવું લાગે તે... ક્યાંક વાંચેલું કે એક જણને કિશોર અવસ્થામાં ખુબ પૈસાદાર થવાની ઈચ્છા હતી અને એનું કારણ એટલું જ કે એનાં મિત્રો ખુબ ગરીબ હતાં અને એ પૈસાથી મિત્રોની ગરીબી દૂર કરવાનાં સ્વપ્ન જોતો, આપણે પણ કંઈક આવું જ વિચારી મિત્રોને મદદરૂપ થઈ શકીએ તો કેવું ? સાત્વિક-નિકુંજ જેવી મિત્રતાની મુડી એ મોટું નજરાણું જ કહેવાય ને ?

**એક જ સરખા વાહનોની પસંદગી કરતાં સાત્વિક ત્રિવેદી અને નિકુંજ શુકલા મિત્રતાની ઉજવણી દર દિવાળીએ એક જ સરખાં રેડિમેડ કપડાં ખરીદી અને પહેરીને કરે છે**